તાઉતે વાવાઝોડાથી અરવલ્લીમાં ભારે વરસાદ વરસવાની આગાહી, ખેડૂતોના જીવ અદ્ધર

ભારે વરસાદ વરસે તો તૈયાર ખેતી પાકને મોટા નુકસાનનો અંદાજ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

વિનાશક વાવાઝોડું તાઉતે ગુજરાતમાં ત્રાટકવાની સાથે ઉત્તર ગુજરાતના અરવલ્લીમાં ભારે વરસાદ વરસવાની આગાહી થઈ છે. અરવલ્લી જિલ્લાના તમામ અધિકારીઓની રજાઓ રદ કરી હેડકવાટર્સ ઉપર હાજર રહેવા જણાવવામાં આવ્યું છે. ખેડુતોએ ચોમાસાની પૂરી તૈયારી કરી નથી અને વાવાઝોડાના કારણે ભારે વરસાદ વરસે તો ખેડૂતોના તૈયાર ખેતી પાકને મોટા નુકસાનનો અંદાજ છે. ખેડૂતોની સાથે વેપારીઓ પણ પાયમાલ થવાનો ભય છે.

અરબી સમુદ્રમાં સક્રીય થયેલું શક્તિશાળી વાવાઝોડું ગુજરાતના અનેક જિલ્લાઓને ઘમરોળી નાખશે જેથી એન.ડી.આર.એફ. સહિતની ટીમોને બચાવ કામગીરી માટે મોકલવામાં આવી છે. ૧૫૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાશે અને અનેક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વરસશે. તા.૨૦ મે. સુધી તાઉતે વાવાઝોડું પ્રભાવશાળી રહી મોટી ખાનાખરાબી કરે તેવી દહેશતથી રાજયના અનેક જિલ્લાઓના ગામડાઓની પ્રજાને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં પણ ભારે વરસાદ વરસવાની આગાહી થઈ છે. સોમવારે બપોર બાદ સોશ્યલ મીડીયામાં ભારે વરસાદ વરસવાના મેસેજ વાયરલ થયા પછી બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા અને મોડાસા તાલુકાની પ્રજામાં વાવાઝોડાના કારણે દહેશતનો માહોલ ઉભો થયો છે. સોમવાર સવારથી ભયંકર બફારાથી પ્રજા ત્રસ્ત હતી અને દિવસ દરમ્યાન વાદળછાયા વાતાવરણથી સૂર્ય પ્રકોપ ઘટ્યો પરંતુ ગુજરાતમાં ત્રાટકનારૂ વાવાઝોડું અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદ વરસાવે તો શું નુકસાન થાય..?? તેનું ગણિત મંડાઈ રહ્યું છે. અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતોમાં ડિઝાસ્ટરની ખાસ બેઠકોનું આયોજન થયું છે. છેલ્લા ૨૪ કલાકથી કોરોના કરતાં તાઉતે વાવાઝોડાનો ભય વધુ હોવાનું જોવા મળ્યું.

માર્કેટયાર્ડમાં અનાજ, ખેતપેદાશ તાડપત્રીથી ઢાંકીને રાખવા સૂચના અપાઈ

બાયડ : ઉત્તર ગુજરાત સહિત અરવલ્લી જિલ્લામાં વાવાઝોડાના કારણે વરસાદ વરસે તેવી સંભાવના છે. કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ પણ રહેશે જેથી ખેતરમાં ઉભા પાકમાં પિયત ટાળવા ખેડૂતોને જણાવ્યું છે તેમજ એ.પી.એમ.સી.માં અનાજ કે ખેતપેદાશ સુરક્ષિત રાખવા તેમજ અનેક જગ્યાએ વેચાણ માટે લઈ જવામાં આવતી ખેતપેદાશો તાડપત્રી ઢાંકીને લઈ જવા માટે પણ જણાવ્યું છે. વાવાઝોડાના કારણે પશુઓનું જીવન ન જોખમાય તે માટે પશુઓના રોડ ઉપરના પતરાં વિગેરે ઉડી ન જાય તે માટે ખાસ કાળજી રાખવા પણ જણાવ્યું છે. વરસાદ કે પવનની આગાહી ધ્યાને લઈ મોબાઈલ ફોન, ટોર્ચ વગેરે ચાર્જ કરીને રાખવું અને સુરક્ષા માટે કે સલામતી માટેની તમામ વ્યવસ્થા રાખવા અરવલ્લી જિલ્લા ખેતી અધિકારી દ્વારા જણાવાયું છે.

સમગ્ર રાજ્યમાં વરસાદની આગાહી : જિલ્લા ડિઝાસ્ટર

બાયડ : અરવલ્લી જિલ્લામાં અતિભારે વરસાદ વરસવાની આગાહી તેવો મેસેજ સોમવારે સોશ્યલ મીડીયામાં વાયરલ થયો હતો ત્યારે અરવલ્લી જિલ્લા ડિઝાસ્ટર વિભાગનો સંપર્ક કરતાં તેઓએ ભારે વરસાદની આગાહી તા.૨૦ મે. સુધી સમગ્ર રાજ્ય માટે છે. અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદ વરસશે તેવી કોઈ આગાહી અમારા ધ્યાન ઉપર નથી તેમ જણાવ્યું હતું.

વાવાઝોડાથી હાઈ એલર્ટ : સાબરકાંઠા, અરવલ્લીમાં બી.એસ.એન.એલ.ની સેવા ખોરવાઈ

સવારથી મોબાઈલ ફોન અને ટેલિફોન ઠપ્પ, આપત્તિના સમયમાં ફરી એકવાર બી.એસ.એન.એલ. પાણીમાં બેઠું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

તાઉતે વાવાઝોડું ગુજરાતમાં ત્રાટકે તે અગાઉ જિલ્લાના અનેક વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તમામ અધિકારીઓને એલર્ટ રહેવાની સાથે હેડકવાટર્સ ન છોડવા આદેશ અપાયા છે પરંતુ સોમવાર સવારથી જિલ્લાના અનેક વિસ્તારોમાં બી.એસ.એન.એલ.ની મોબાઈલ અને ટેલિફોન સેવા ઠપ્પ થતાં આપત્તિના સમયમાં ફરી એકવાર બી.એસ.એન.એલ. પાણીમાં બેઠાનો અનુભવ તંત્ર અને ગ્રાહકોએ કર્યો છે. બી.એસ.એન.એલ.ની મોબાઈલ સેવા ખોરવાતાં વેપારીઓ પણ મુશ્કેલીમાં મૂકાયા હતા.

ચોમાસુ આવે ત્યારે સરકાર દ્વારા વાવાઝોડાની સ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ હોવાના દાવા થાય છે. પાછલા ૩ વર્ષમાં વાવાઝોડા સામે રાજ્ય સરકારની યોગ્ય તૈયારીના કારણે જાનમાલને નુકસાન અટકાવવામાં સફળતા મળી છે. તાઉતે વાવાઝોડું ગુજરાતમાં ત્રાટકવાનું હોવાથી કેન્દ્રની પણ ગુજરાત ઉપર સીધી નજર છે. વાવાઝોડું મધ્ય ગુજરાત સહિત દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વિનાશ નોંતરે તેવી દહેશત છે ત્યારે રાજ્યના તમામ જિલ્લાના વહીવટી તંત્રને સરકારે એલર્ટ મોડ ઉપર મૂકી ડિઝાસ્ટર કક્ષાની મીટીંગોના આયોજન કરાયા હતા. જોખમી હોર્ડિંગ્સ દુર કરવામાં આવ્યા છે. પરંતુ સરકારી તંત્ર મોટાભાગે બી.એસ.એન.એલ.ની સેવાઓ ઉપર નિર્ભર રહ્યું છે પરંતુ તા.૧૭ મે. સવાર થી જ બાયડ સહિતના જિલ્લાના અનેક વિસ્તારોમાં ટેલિફોન અને મોબાઈલ સેવા ઠપ્પ થઈ જતાં સરકારી કચેરીઓ અને અન્ય કંપનીના ગ્રાહકો રોષે ભરાયા છે.

કોરોનાની બીજી લહેર : ઉત્તર ગુજરાતના ઉદ્યોગ જગતને રૂા.૫૦૦૦ કરોડના નુકસાનની આશંકા

ટાઈલ્સ, ક્વોરી, ઈંટવાડા સહિતના ઉદ્યોગો પ્રભાવિત, હજારો શ્રમજીવીઓએ રોજગારી ગુમાવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

કોરોનાની બીજી લહેરમાં ઉત્તર ગુજરાતના ઉદ્યોગ જગતને અગણિત નુકસાન પહોંચ્યું છે. ટાઈલ્સ, ક્વોરી, ઈંટવાડા સહિતના ઉદ્યોગો પ્રભાવિત થવાની સાથે હજારો શ્રમજીવીઓએ રોજગારી ગુમાવી છે. રત્ન કલાકારોએ પણ મોટી સંખ્યામાં સ્થાનિક રોજગારી ગુમાવી છે. ભલે કોરોનાની લહેરમાં ઓટ આવી હોય પરંતુ તેની અસર હજુ પણ લાંબા સમય સુધી ધંધા-રોજગારને પ્રભાવિત કરી શકે છે.

ગત એપ્રિલ-૨૦૨૧ થી સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં કોરોનાની બીજી લહેર શરૂ થઈ. માત્ર પાછલા ૧૫ દિવસમાં જ ૧ લાખથી વધુ લોકો કોરોનાથી સંક્રમિત થયા. સરકારી દફતરે કોરોનાની બીજી લહેરમાં મૃત્યુ આંક માંડ ૬૦ દર્શાવ્યો છે પરંતુ સાચા આંકડા ક્યારેય બહાર નહીં આવે. બિનસત્તાવાર રીતે મૃત્યુ આંક-૨૯૦ થી વધુનો હોવાની આશંકા છે. પ્રથમ લહેર કરતાં બીજી લહેરે અનેક લોકોને હોસ્પિટલ ભેગા કર્યા. હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ ગઈ, બેડ ખૂટી પડ્યા, દવાઓ ખૂટી પડી, ઓક્સિજનના અભાવે અનેક દર્દીઓ તરફડી તરફડીને મોતને ભેટ્યા. જ્યારે કોરોનાની બીજી લહેરમાં જીવ બચાવવા વેપારીઓએ આંશિક અને સ્વયંભૂ લૉકડાઉનનો સ્વયં અમલ કર્યો પરંતુ કોરોનાની બીજી લહેર આવા લૉકડાઉનના કારણે પણ નબળી પૂરવાર થઈ હતી. ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું જેના કારણે હોળી-ધૂળેટીમાં માદરે વતન ગયેલા મધ્ય ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશના હજારો શ્રમજીવીઓ કોરોનાના ભયથી ડરામણા બનીને પાછા ફર્યા નથી. જેથી ખાસ કરીને મોટા ઉદ્યોગ ગૃહોમાં એક પાળીનું જ કામ ચાલે છે અને તેમાં કોરોનાના ગ્રહણના કારણે વેચાણમાં પણ ઓટ આવી. આ બધું ગણિત માંડતાં ઉત્તર ગુજરાતના ઉદ્યોગ જગતને કોરોનાની બીજી લહેરમાં રૂા.૫૦૦૦કરોડથી વધુના નુકસાનની આશંકા છે.

વાવાઝોડું તાઉતે ઈફેક્ટ

જિલ્લામાં કમોસમી વરસાદથી કેરીના પાકને નુકસાન, સૂકો ઘાસચારો ભીંજાઈ જવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

ગુજરાતના દરિયા કાંઠે તાઉતે વાવાઝોડું પહોંચે તે અગાઉ તેની અસર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વાવાઝોડું અને કમોસમી વરસાદના રૂપમાં જોવા મળ્યું. ગત રોજ પવન સાથે વરસાદ વરસતાં કેરીના પાકને નુકસાન થયું છે. જ્યારે સૂકો ઘાસચારો પણ ભીંજાયાનું કેટલાક પશુપાલકોએ જણાવ્યું છે. સરકાર દ્વારા ઘઉંની ટેકાના ભાવની ખરીદી થંભી જતાં ઘઉં પકવતા ખેડૂતો પણ કમોસમી વરસાદથી પાયમાલ બને તેવી સંભાવના છે.

તાઉતે વાવાઝોડું કેવો વિનાશ નોંતરશે તેને લઈને પ્રજામાં છેલ્લા ૨ દિવસથી ચિંતા ઉચાટ જોવા મળ્યો. ગત રોજ રવિવારે અસહ્ય બફારો અને ગરમી હોવા છતાં જિલ્લાની પ્રજા ટીવી સામે વાવાઝોડાની રફતાર અને શું નુકસાન પહોંચાડશે તેના અંદેશા સાંભળવામાં મશગુલ હતી. બપોર બાદ જિલ્લાના આકાશમાં કાળાં ડીબાંગ વાદળો ઘેરાયાં અને ધૂળની ડમરીયો સાથે પવન ફુંકાયો ત્યારબાદ જિલ્લાના અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ વરસતાં ગરમીમાં શેકાતી પ્રજાને ઠંડક મળતાં રાહત થઈ પરંતુ ખેડૂતો માટે કમોસમી વરસાદ હૈયા હોળી સમો બની ગયો. એકાએક વાવાઝોડા સાથે વરસાદ વરસતાં ભિલોડા, ઈડર, મોડાસા, તલોદ સહિતના વિસ્તારોમાં કેરીના પાકને નુકસાન થયું છે. જ્યારે સૂકો ઘાસચારો પણ કેટલાક વિસ્તારોમાં ભીંજાઈ ગયો છે. જ્યારે આગામી તા.૨૦ મે. સુધી તાઉતે વાવાઝોડાના કારણે વરસાદ અને વાવાઝોડાનો ભય હોવાથી બંન્ને જિલ્લાના ૩ લાખથી વધુ ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

તાઉતે વાવાઝોડું : જિલ્લામાં જોખમી હોર્ડિંગ્સ, બેનર, મકાનો ઠેરનાં ઠેર

બાયડ : તાઉતે વાવાઝોડાના કારણે વહીવટી તંત્ર એલર્ટ બન્યું છે અને તમામ તાલુકાના જવાબદાર અધિકારીઓને પોતાના વિસ્તારમાં જોખમી હોર્ડિંગ્સ, બેનરો અને મકાનો દૂર કરવા સૂચના આપેલી છે. ખાસને દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં વાવાઝોડાની પ્રભાવી અસરની આગાહી છે. ૧૬૦ કી.મી. પ્રતિકલાકની ઝડપથી પવન ફુંકાશે જેથી વાવાઝોડાના ખતરાથી પ્રજાની માલ મિલ્કતને ઓછું નુકસાન અને જાનહાની ન થાય તે માટે તાબડતોબ જિલ્લા કક્ષાએથી સૂચના આપવામાં આવી છતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સોમવારે પણ જોખમી હોર્ડિંગ્સ, બેનર અને જોખમી મકાનો ઠેર ઠેર જોવા મળ્યા. જ્યારે અનેક મોબાઈલ ટાવર જોખમી છે અને સત્વરે તે દૂર નહીં કરાય તો ભારે વાવાઝોડું ફુંકાય તો મોટી જાનહાનીનો ભય સેવાય છે.

મોડાસામાં ડૉક્ટરની કાર-રીક્ષાની ટક્કરથી ધમસાણ મચ્યું : નાયબ પોલીસ વડાને ઈન્કવાયરી સોંપાઈ

સામાન્ય અકસ્માતમાં પોલીસ કેસ રફેદફે કરતી હોય તો અન્ય ગંભીર કેસમાં શું થયું હશે..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

મોડાસાના હંગામી બસ સ્ટેશન પાસે તા.૧૩ મે. ના રોજ કાર-રીક્ષા ટકરાઈ પડ્યા પછી રીક્ષા ગોઠીમડું ખાધું. દબંગ પોલીસે કારચાલક ડૉક્ટરને બચાવવા માટે રીક્ષાચાલક સામે કાર્યવાહીનો કોરડો ઝીંક્યો અને ત્યાર પછી સચ ઝૂકતા નહીં..ઉક્તિ અનુસાર ધમસાણ મચ્યું. પોલીસ વડા દ્વારા સમગ્ર કેસની ઈન્કવાયરી નાયબ પોલીસ વડા એન.આર.પટેલને સોંપવામાં આવી છે. મોડાસામાં સર્જાયેલા અકસ્માતમાં પોલીસે સાચી હકીકતો છૂપાવવાનો પ્રયાસ કર્યો તેની પાછળ શું પ્રયોઝન હોય..?? સમજવું આસાન છે પરંતુ પોલીસની છબી જરૂર ખરડાઈ છે. એક સામાન્ય અકસ્માતમાં પોલીસ અધિકારીને ઈન્કવાયરી સોંપવા પાછળ જિલ્લા પોલીસ વડાએ બનાવની ભીંતરમાં કંઈ રંધાયું નથી ને..?? તે જાણવાનો અને પ્રજાનો પોલીસ ઉપર ભરોસો ટકાવી રાખવાનો યોગ્ય પ્રયાસ કર્યો છે. ત્યારે સવાલ એ થાય છે કે સામાન્ય અકસ્માતમાં પોલીસ કેસ રફે દફે કરી નિર્દોષને દોષિત ઠેરવતી હોય તો પછી અન્ય ગંભીર ગુનામાં પોલીસ કેટલું ઉસેડી લઈને કેસને લૂલો લંગળો બનાવતી હશે..??

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન વર્ષોથી ચર્ચામાં રહેતું હોય છે. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના મહિલા અધિકારીની મોડાસામાં કામગીરી વખાણવા લાયક છે પરંતુ બાયડમાં તેમને દારૂ કે જુગારના અડ્ડા કેમ ન દેખાયા..?? તે મુદ્દો પણ નજરઅંદાજ ન થવો જોઈએ. જ્યારે ગત તા.૧૩ ના રોજ મોડાસાના હંગામી બસ સ્ટેશન પાસે કાર અને રીક્ષા ટકરાયા પછી પોલીસે જ કામગીરી કરી અને પછી હોબાળા મચ્યા અને મામલો મીડીયા સુધી ન જાય તે દબાવવાના પ્રયાસ કાબિલેદાદ હતા. એક રીતે મેનેજ મેનેજમેન્ટ જોવા મળ્યું. પરંતુ આખરે રીક્ષાચાલકની સાચી ગુહારના કારણે સમગ્ર કેસમાં તટસ્થ ઈન્કવાયરીની આશા ઉભી થઈ છે. ડૉક્ટરને બચાવવાનો કારસો કોને રચ્યો, સી.સી.ટીવી કેમેરા ન હોત તો કદાચ રીક્ષાચાલકને ન્યાય મળ્યો પણ ન હોત. પરંતુ પોલીસની કામગીરીથી સ્થાનિક પ્રજાનો ભરોસો ડગમગ્યો.

જિલ્લા પોલીસ વડા મલાઈદાર પોલીસ સ્ટેશનમાં ચીટકી રહેલાઓને ઈસરી, આંબલિયારા મોકલે

બાયડ : પાછલા ૬ થી ૭ વર્ષનો ઈતિહાસ ચકાસવામાં આવે તો કેટલાય પોલીસ કર્મીઓ મોડાસા ટાઉન, એસ.ઓ.જી., એલ.સી.બી.માં જ પડ્યા પાથર્યા રહ્યા છે અને તેની પાછળ ચોક્કસ મલીન ઈરાદાઓ જોડાયેલા છે. આ સંજોગોમાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા વર્ષોથી મલાઈદાર પોલીસ સ્ટેશનમાં ચીટકી રહેલા પોલીસ કર્મીઓને ઈસરી, માલપુર, આંબલિયારા, સાઠંબા જેવા પોલીસ સ્ટેશનમાં એકાદ-બે વર્ષ માટે ફરજ ઉપર નિયુક્ત કરે તો પોલીસ બેડામાં વ્યાપેલો સડો આપો આપ દૂર થઈ જશે.

રીક્ષાચાલકનું નિવેદન ચોંકાવનારૂ

બાયડ : રીક્ષાચાલક આકાશ મલકાણીએ સોશ્યલ મીડીયામાં વાયરલ કરેલા વિડીયોમાં જણાવ્યું છે કે કારે મારી રીક્ષાને ટક્કર મરી છતાં મારા ઉપર ખાખી વર્દીએ દબાણ કરી હું ગુનેગાર હોઉં તેવો કારસો રચ્યો હતો અને એલ.સી.બી. પી.આઈ. તથા ટાઉન પી.આઈ.ની કામગીરી સામે પણ સવાલ ઉઠાવ્યા છે.

વાવાઝોડા પગલે ઈડરમાં વહીવટી તંત્ર દ્વારા કન્ટ્રોલ રૂમ ચાલુ કરાયા : સાવચેતી રાખવા અપીલ

ઈડર તા.૧૭

આગામી સમય માં ગુજરાત ના દરિયા કાંઠે વાવાઝોડા ની ત્રાટકશે ત્યારે સમગ્ર ગુજરાતમાં ભારે ઝડપી પવન ફૂંકાવવાની તેમજ અતિ ભારે વરસાદની આગાહી ને પગલે સમગ્ર ગુજરાત વહીવટી તંત્ર સાબદુ બની અગમચેતી ના ભાગરૂપે તૈયારી કરાઈ રહી છે,ત્યારે ઈડર વહીવટી તંત્ર ધ્વરા અગમચેતી ના ભાગ રૂપે વિવિધ કંટ્રોલરૂમો ચાલુ કરી લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે. તાઉતે વાવઝોડું ભારે ગતિએ ગુજરાત ના દરિયાઈ માર્ગે ટકરાશે ત્યારે તેની અસર સમગ્ર ગુજરાતમાં ભારે પવન અતિભારે વરસાદ ની આગાહી ના પગલે ઈડર વહિવટી તંત્ર દ્વારા વિવિધ કંટ્રોલરૂમો તૈયાર કરવામાં આવ્યા છે.

મોટા મોટા હોર્ડિંગ્સ ,બેનર ભારે પવનથી નુકશાન થાય તેવા થાંભલાઓ વગેરે અગમચેતીના ભાગરૂપે તેની વ્યવસ્થા કરી ઈડર માં વીજ થાંભલા પડાવા,માલ મિલ્કત ને નુકશાન કે અન્ય કોઈ અનિચ્છનીય ઘટના બને ત્યારે લોકો સીધો સંપર્ક કરી શકે તે માટે વિવિધ કન્ટ્રોલ રૂમો તૈયાર કરવામાં આવ્યા છે.

ઈડર પ્રશાસન ધ્વરા તૈયાર કરવામાં આવેલ કન્ટ્રોલરૂમો ના ફોન નંબર સાથે વિગતો.

૧. તાલુકા ડિઝાસ્ટર કંટ્રોલરૂમ ૦૨૭૭૮-૨૫૦૦૦૩
૨. નગરપાલિકા કંટ્રોલરૂમ ૦૨૭૭૮-૨૫૦૭૬૭
૩. જી.ઈ.બી.કંટ્રોલરૂમ ૦૨૭૭૮-૨૫૦૦૯૩
૪. ફોરેસ્ટ કંટ્રોલરૂમ ૮૨૦૦૦૯૦૭૯૮
૫. સિંચાઈ(પંચાયત)કંટ્રોલરૂમ ૦૨૭૭૮-૨૫૦૩૫૭
૬. પોલીસ કંટ્રોલરૂમ ઈડર.૦૨૭૭૮-૨૫૦૦૨૪
૭. પોલીસ કંટ્રોલરૂમ જાદર.૦૨૭૭૮-૨૪૦૩૯૯

ઉપરોક્ત કંટ્રોલરૂમ વાવાઝોડા સંદર્ભે શરૂ કરવામાં આવ્યા છે ,જે વાવાઝોડા દરમ્યાન ઈડર નગર કે તાલુકાની પ્રજા ને કોઈ અનિચ્છનીય બનાવ બને ત્યારે કંટ્રોલરૂમ નો સંપર્ક કરવા જણાવાયું છે.

નકલી રેમડેસિવિર, અરવલ્લીના બે શહેરી વિસ્તારોમાં ઝાલોદથી ઈન્જેક્શન પહોંચ્યાની આશંકા...!

સ્થાનિક સંડોવણીને પણ ખુલ્લી પાડવી જોઈએ તેવી માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

સુરતમાંથી પકડાયેલા નકલી રેમડેસિવિરનો મોટો જથ્થો મધ્ય ગુજરાતના ઝાલોદમાં વેચ્યાની સનસની ખેજ કબુલાત પછી અરવલ્લી જિલ્લાના બે શહેરી વિસ્તાર સુધી રેલો પહોંચવાની આશંકા છે. જે રીતે મહિસાગર, બાલાસિનોરના અરવલ્લી જિલ્લામાં સારવાર લેતા દર્દીઓને આસાનીથી રેમડેસિવિર ઈન્જેક્શન મળતા હતા તેની પાછળનું રાજ ગમે ત્યારે ખૂલી શકે છે અને સ્થાનિક સંડોવણીને પણ ખુલ્લી પાડવી જોઈએ તેવું અનેક જાગ્રત લોકોએ જણાવ્યું છે.

કોરોનાની મહામારી વકરી ત્યારે દર્દીઓને બચાવવા માટે રેમડેસિવિર ઈન્જેક્શનનું સરેઆમ કાળા બજાર શરૂ થયું. હિંમતનગરમાં કેમીસ્ટ સહિત સિવિલ હોસ્પિટલના હંગામી સ્ટાફની સંડોવણીએ માનવતાના દુશ્મનો કોણ છે..?? તેની છબી ઉજાગર કરી છે. પરંતુ ત્યાર પછી અન્ય આરોપી હજુ પણ કોરોનાના સંક્રમણમાંથી બહાર આવ્યો ન હોવાથી રીમાન્ડ લેવાયા નથી પરંતુ ચોરાયેલા ૬ ઈન્જેક્શન અમદાવાદની આનંદ સર્જીકલ હોસ્પિટલના હોવાનું તપાસ દરમ્યાન જણાઈ આવ્યું છે ત્યારે અરવલ્લી જિલ્લામાં ૧૨૦૦ થી વધુ રેમડેસિવિર ઈન્જેક્શન કાળા બજારમાં વેચાયાની આશંકા છે. સુરતમાં ફાર્મ હાઉસમાંથી નકલી રેમડેસિવિર ઈન્જેક્શન બનાવવાનું કારખાનું ઝડપાયા પછી પકડાયેલા આરોપીઓએ દાહોદ જિલ્લાના ઝાલોદમાં ૧૮૦ થી વધુ ઈન્જેક્શન વેચ્યાનું કબુલાતનામું આપ્યું છે અને તેનો ધમધમાટ પણ શરૂ થયો છે ત્યારે આ સમગ્ર રેલો અરવલ્લી જિલ્લા સુધી ફંટાવવાની પૂરી સંભાવના છે. કારણ કે દરરોજ સમી સાંજે જિલ્લામાં રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો આવતો હતો અને તે રૂા.૧૮ થી ૨૫ હજારમાં ચોક્કસ સ્થળે વેચાણ કર્યા પછી બાયડનો યુવાન રવાના થઈ જતો હતો. આ સંજોગોમાં ઝાલોદનું કનેક્શન અનેકને હચમચાવી શકે છે.

સાબરકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો ફૂંફાળો, ૧૪૧ પોઝિટિવ કેસ નોંધાયા

ગ્રામ્ય વિસ્તારોમાં સ્થિતિ વણસી રહી છે

તલોદ, તા.૧૭

ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ ધીમું પડી રહ્યું છે. આગામી દિવસોમાં કોરોના ઉપર અંકુશ આવે તેવી સંભાવના પણ વ્યક્ત થઈ છે. પરંતુ સાબરકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના કેસમાં ઉછાળો આવતાં ફરી એક વખત ચિંતાનાં વાદળ ઘેરાયાં છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન જિલ્લાના ૮ તાલુકાઓમાં ૧૪૧ પોઝિટિવ કેસ નોંધાયા છે અને કુલ પોઝિટિવ કેસ ૬૦૦૦ પહોંચ્યા છે.

દિવસ અને રાત કોરોનાનું ભૂત પ્રજા ઉપર હાવિ થઈ ગયું છે. હવે સામાન્ય તાવ આવે તો પણ કોરોના થઈ ગયો હશે તેવી બીકથી પ્રજા સારવાર માટે દોટ લગાવે છે. છેલ્લા કેટલાક દિવસોથી રેમડેસિવિર ઈન્જેક્શન ચર્ચામાં રહ્યા એટલે સામાન્ય તાવ આવે એટલે દવાખાનામાં જતા અગાઉ શંકાસ્પદ દર્દીઓ જરૂરી ઈન્જેક્શન મળશે કે કેમ..?? તેની ખાત્રી કરે છે અને ત્યાર પછી શરૂ થાય છે કોરોનાનો હાઉ. તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા તાલુકાના અસંખ્ય ગામડાઓ કોરોનાથી સંક્રમિત થયા છે. આવા ગામડાઓમાં ધંધા-રોજગારનું આંશિક અને સ્વયંભૂ લૉકડાઉન પણ કોરોનાના વધતા તરખાટને રોકી શક્યું નથી. જિલ્લામાં પાછલા ૧૪ મહિનામાં કોરોનાના કુલ-૫૯૯૯ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૪૭૮૪ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.